# ૩૦

## સંઘની એકતા ખાતર

વિ. સં. ૨૦૦૪ની જેમ વિ. સં. ૨૦૧૩માં પણ તપગચ્છમાં સંવત્સરી-ભેદ આવતો હતો. લૌકિક પંચાંગ (ચંડાંશુ ચંડુ)માં ભાદરવા શુદિ પાંચમનો ક્ષય હતો. એટલે આપણે ત્યાં આરાધનામાં, ૨૦૦૪ની જેમ, ત્રણ મત પ્રવર્તે એવી સ્થિતિ હતી.

એમાં નવો તિથિમત તો પાંચમનો ક્ષય માનીને ચોથ ને ગુરુવારે સંવત્સરી કરનાર હતો. અને એકતિથિપક્ષમાં પણ સૂરિસમ્રાટનો સમુદાય અને અન્ય કેટલાક સમુદાય પણ પાંચમના ક્ષયે, અન્ય પંચાંગના આધારે, છઠ્ઠનો ક્ષય સ્વીકારીને ચોથ ને ગુરુવારે જ, સંવત્સરી કરવાના હતા; જ્યારે, આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ વગેરે સમુદાયોએ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરીને ચોથ ને બુધવારે સંવત્સરી કરવાનું નક્કી કર્યું હતું. અમદાવાદના ડેલાના ઉપાશ્રયનો સાધુ-સમુદાય પણ આ વખતે એ માન્યતામાં ભળ્યો હતો. અને અમદાવાદની લવારની પોળના ઉપાશ્રયનો મુનિ-સમુદાય પણ, પાંચમના ક્ષયે ચોથનો ક્ષય માનીને, સંવત્સરી બુધવારની કરનાર હતો.

આમ, વિ. સં. ૨૦૧૩ની સાલમાં સંવત્સરી મહાપર્વની આરાધના અંગે, વિભિન્ન મતો પ્રવર્તતા હતા. અને સૌ પોતપોતાની માન્યતામાં મક્કમ હતા. અને પોતાની માન્યતા બીજાને મનાવવા સતર્ક હતા.

આમાં, કેટલાક એકતા અને સમાધાન માટેની પ્રવૃત્તિ પણ કરતા હતા. એમાં બે પ્રકારની વ્યક્તિઓ હતી. કેટલીક વ્યક્તિઓ નવા તિથિમતના સંદેશવાહક તરીકે કામ કરતી હતી. નવા તિથિમત તરફથી એમને માત્ર સમાધાન ને એકતાની વાતો જ ચલાવવાની રહેતી. એવી વાતો ચલાવીને તેઓ એવું દેખાડવા મથતા કે 'અમારા પક્ષને સમાધાનની ઉત્કટ આતુરતા હોવા છતાં એકતિથિવાળાઓને સમાધાન ખપતું નથી.' પણ એમની આ વાતોની અસર વાતપૂરતી જ રહી શકતી.

બીજો વર્ગ એવો હતો, જેને સાચેસાચ સુલેહ ને સમાધાનની ઘણી આતુરતા હતી. એ લોકો તપાગચ્છના બંને પક્ષમાં ઐક્ય સધાય એ માટે ભરપૂર મહેનત કરી રહ્યા હતા. અને એમાં સફળ ન થવાય, તોપણ એકતિથિપક્ષમાં આ વર્ષની સંવત્સરી અંગે જે મતભેદો દેખાતા હતા, તે નિવારીને એ બધા એક જ તારીખે સંવત્સરી આરાધે, એ માટેના પ્રયાસો વિશેષપણે ચાલુ રાખ્યા હતા.

આ વર્ષે, આવા જ સત્પ્રયત્નોના એક મહત્ત્વના ભાગરૂપે મુંબઈ–ગોડીજી–શ્રી દેવસૂર તપાગચ્છ સંઘના આગેવાનો એકતિથિપક્ષના જુદા જુદા આચાર્યો પાસે એકવાક્યતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાની વિનતી કરવા ગયા. સૌ તરફથી સલાહ મળી કે શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ પાસે જાઓ. એ કરશે એ સૌને મંજૂર રહેશે. એટલે એ આગેવાનો અમદાવાદ બિરાજતા શ્રી વિજયોદયસૂરિજી મહારાજ તથા શ્રી વિજયનંદનસૂરિજી પાસે આવ્યા; આવીને એમને વિનતિ કરી કે "સાહેબ! આપના ઉપર સૌ મીટ માંડીને બેઠા છે. ગમે તે માર્ગ કાઢો, પણ આખા તપાગચ્છમાં અથવા છેવટે આપણા પક્ષમાં એકતા થાય એવું કરી આપો. આ વખતે આપણામાં જુદી જુદી સંવત્સરી થશે તો આપણી શોભા ઘટશે."

આ આગેવાનો સમાધાનની ભૂમિકા લઈને આવ્યા હતા, અને એ પ્રમાણે, દેખીતી રીતે જ, તેઓ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો ઉચિત છે, એવા વિચારના હતા. અને એ વિચાર શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ સ્વીકારે, તો સૂરિસમ્રાટે આજ સુધી આચરેલી અને દેવસૂર તપાગચ્છ સંઘની અવિચ્છિન્ન પ્રણાલિકા, જે પાંચમના ક્ષયે છઠનો ક્ષય કરવાની છે, તેને છોડવાની જ વાત હતી. આ વાત શ્રી વિજયનંદનસૂરિજીને પસંદ નહોતી. એટલે એમણે 'ડેલાના ઉપાશ્રયનો ને લવારની પોળના ઉપાશ્રયનો અવિચ્છિન્ન અને સાચો ધોરી માર્ગ, એ માર્ગને માટે પોતે તથા પોતાના પૂજ્યોએ રાખેલી વફાદારી, એ માર્ગે ચાલવાથી શાસ્ત્ર અને પરંપરા–બંનેની જળવાતી શુદ્ધિ અને વફાદારી, એ માર્ગને બદલવાથી ઊભી થતી મુશ્કેલીઓ' વગેરે વાતો ખૂબ સ્વસ્થ અને વ્યવસ્થિત–રીતે એ આગેવાનોને સમજાવી. એ વાતો ખરેખર જાણવા લાયક હોવા સાથે એમના અગાધ બુદ્ધિકૌશલ્ય અને નિરાગ્રહભાવની દ્યોતક છે, એટલે આપણે પણ જાણવા જેવી છે.

સૌપ્રથમ, આજ સુધી પોતે આચરેલી અને આ વખતે પણ આચરવા ઇચ્છેલી માન્યતાને સ્પષ્ટ કરતાં એમણે કહ્યું:

(૧) "સંવત ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯ અને ૨૦૦૪માં ચંડાંશુચંડુ પંચાંગમાં ભાદરવા શુદિ ૫નો ક્ષય હતો. પણ બીજાં અનેક પંચાંગોમાં છઠ્ઠનો ક્ષય હોવાથી અમદાવાદના ૫. પૂ. પં. શ્રી રૂપવિજયજી મહારાજના ડહેલાના જૈન ઉપાશ્રયે ભાદરવા શુદિ છઠ્ઠનો ક્ષય (અન્ય પંચાંગના આધારે) માની, પાંચમને સાચવી રાખી, ભાદરવા શુદ ચોથની સંવત્સરી આરાધી હતી. અને એ જ રીતે લુહારની પોળના ઉપાશ્રયે, શ્રી વીરવિજયજી મહારાજના ઉપાશ્રયે, ઉજમફઈની ધર્મશાળાએ, આંબલી પોળના ઉપાશ્રયે તથા વિમળના ઉપાશ્રયે વગેરે તમામ સ્થળે સંવત્સરીની આરાધના થઈ હતી. અને અમોએ પણ એ જ રીતે આરાધના કરી હતી. એવી જ રીતે આ વર્ષે–૨૦૧૩માં–પણ ચંડાંશુચંડુ પંચાંગમાં ભાદરવા શુદિ પાંચમનો ક્ષય છે, અને બીજાં અનેક પંચાંગોમાં (જ્યોતિષમાર્તંડ, શિવ, વિશ્વનાથ, તેમ જ માલવીયાજીવાળું વિશ્વ પંચાંગ વગેરેમાં) શુદ છઠ્ઠનો ક્ષય હોવાથી તે આધારે અમોએ ભાદરવા શુદ છઠ્ઠનો ક્ષય માની, ભાદરવા શુદ પાંચમને સાચવી, ભાદરવા શુદ ચોથ ને ગુરુવારે સંવત્સરી પર્વ આરાધવાનો નિર્ણય રાખ્યો છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પછી આ વિષયની ચર્ચામાં આજદિન સુધી પોતે રાખેલી તટસ્થતા વ્યક્ત કરતાં તેઓએ જણાવ્યું :

(૨) "સંવત્સરી કે તિથિ બાબતની કોઈ પણ જાતની ચર્ચામાં અમો અત્યાર સુધી ઊતર્યા નથી, તેમ જ ચર્ચામાં ઊતરવાની અમારી ભાવના પણ નથી. ડહેલાના ઉપાશ્રયની આજ સુધીની (સં. ૨૦૧૨ સુધીની) ચાલી આવતી તિથિની અવિચ્છિન્ન પરંપરા પ્રમાણે જ અમો કરતા આવ્યા છીએ. તિથિપ્રરૂપણાની પ્રાચીન મર્યાદા ડહેલાના ઉપાશ્રયની હોવાથી તે રીતે જ ચતુર્વિધ સંઘ કરતો આવ્યો છે. ડહેલાના ઉપાશ્રયે પણ તે રીતે તિથિની આરાધના થતી આવી છે. વિ. સં. ૧૯૫૨માં, ૧૯૬૧માં, ૧૯૮૯માં અને ૨૦૦૪માં ડહેલાના ઉપાશ્રયે આ જ રીતે આરાધના થઈ હતી. ચાલુ વર્ષમાં ડહેલાના ઉપાશ્રયે કદાચ જુદી રીતે (બુધવારની) સંવત્સરીની આરાધના થાય, અને તે રીતે લુહારની પોળના ઉપાશ્રય વગેરે સ્થળે પણ પરંપરાથી ચાલી આવતી આરાધના ફેરવાય, પણ ૨૦૧૨ સુધીમાં તો ડહેલાના ઉપાશ્રયની પ્રણાલિકા—એટલે કે શ્રી ડહેલાના ઉપાશ્રયની સ્થાપનાથી ચાલી આવતી પ્રણાલિકા—તો, સંવત્સરી બાબતમાં જે રીતે અમોએ નિર્ણય રાખ્યો છે તે રીતે જ છે. અને ડહેલાના ઉપાશ્રયની પ્રણાલિકા પ્રમાણે જ અમોએ નિર્ણય રાખ્યો છે, તેમાં કોઈ પણ જાતનો નવો વિચાર અમોએ કર્યો નથી. આજ સુધીની (સં. ૨૦૧૨ સુધીની) ડહેલાના ઉપાશ્રયની તિથિની પરંપરાનો જે ધોરી માર્ગ છે, તે માર્ગથી અમો જુદા પણ પડ્યા નથી."

આની સાથે જ ૧૯૫૨થી માંડીને ૨૦૧૩ સુધીની આચરેલી પ્રણાલિકાનું વર્ષવાર દર્શન એમણે કરાવ્યું :

"૧૯૫૨માં તો સકળ તપાગચ્છ સંઘે આ રીતે જ આરાધના કરી હતી–એક સાગરજી મહારાજ સિવાય.

"૧૯૬૧માં પણ તે જ પ્રસંગ આવ્યો હતો અને ૧૯૫૨ પ્રમાણે આરાધના થઈ હતી. વિશેષમાં, તે વખતે સાગરજી મહારાજે પણ, કપડવંજ સંઘની એકતા માટે, સંઘને અન્ય (છટ્ઠના ક્ષયવાળું) પંચાંગ માન્ય રાખવા દીધું હતું. તેમ જ "મારી માન્યતા ત્રીજના ક્ષયની છે પણ તેમ કરતાં સંઘમાં એકતા ન સચવાય તેમ હોય તો હું તેનો આગ્રહ કરતો નથી. ('જૈન પર્વતિથિનો ઇતિહાસ' ત્રિપુટી, પત્ર-૪૪)" એવું પણ સાગરજી મહારાજ તે વખતે બોલ્યા હતા. એટલે ૧૯૬૧માં પણ તપાગચ્છ સકળ સંઘે આ રીતે જ આરાધના કરી હતી.

"તો, આ વખતે પણ તેઓશ્રીના સમુદાયે, ૧૯૬૧માં કપડવંજની જેમ, અન્ય પંચાંગને માન્ય રાખી, છટ્ઠનો ક્ષય કરી તપાગચ્છ સકળ શ્રીસંઘની સાથે ચોથ ને ગુરુવારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત્સરી કરવી, તે વ્યાજબી ગણાય, અને તો જ તપાગચ્છ (દેવસૂર) સંઘની એકતા સાચવવાની ખરી ભાવના સચવાય.

"૧૯૮૯માં પણ સાગરજી મહારાજના સમુદાય સિવાય તમામે આ રીતે જ આરાધના કરી હતી."

છઠ્ઠનો ક્ષય કરવાની પ્રણાલિકાને પોષણ આપનારાં નક્કર દૃષ્ટાન્તો રજૂ કરતાં એમણે ખૂબ શ્રદ્ધાથી વાતો કરી :

"આચાર્ય શ્રી વિજયનંદસૂરિજી (શ્રી આત્મારામજી) મહારાજ, શ્રી મોહનલાલજી મહારાજ, પં. શ્રી પ્રતાપવિજયજી ગણિ મહારાજ (લવારની પોળવાળા), પં. શ્રી ગંભીરવિજયજી ગણિ મહારાજ, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ, આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી મહારાજ, આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજ, આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી, ડેલાવાળા શ્રી ધર્મવિજયજી ગણિ વગેરે પૂર્વપુરુષો આજ સુધીની ડહેલાના ઉપાશ્રયની શાસ્ત્ર અને પરંપરા અનુસારી તિથિની પ્રણાલિકાને આધારે જ ચાલનારા હતા; પોતાની કલ્પનાના આધારે ચાલનારા નહોતા. તેઓ બહુશ્રુત, અનુભવી અને શ્રી વીતરાગ શાસનના સંપૂર્ણ પ્રેમી હતા. તેઓ શાસ્ત્ર અને દેવસૂર પરંપરાને જરા પણ વિરોધ આવે એવું કદી પણ કરે એવું માનવાને કંઈ પણ કારણ નથી.

"શ્રી આત્મારામજી મહારાજનો પણ પોતાની હયાતીમાં છઠ્ઠના ક્ષયનો જ મત હતો. તા. ૧૫-૮-૩૭ના "શ્રી આત્માનંદ પ્રકાશ" પુ. ૩૪, અંક ૧૨મામાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ પણ લખી ગયા છે કે 'સ્વર્ગસ્થ ગુરુદેવની આજ્ઞા મુજબ ૧૯૫૨માં ભાદરવા શુદ છઠ્ઠનો ક્ષય માન્યો હતો.'

"તેમ જ આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજ, આચાર્ય શ્રી વિજયદાનસૂરિજી મહારાજ વગેરેએ પણ ૧૯૮૯ સુધી તો આ પ્રમાણે અન્ય પંચાંગને આધારે છઠ્ઠનો ક્ષય માન્યો હતો. તે વાત ૧૯૮૯ના 'વીરશાસન', વર્ષ ૧૧ના અંક ૪૧ તથા ૪૪માં સ્પષ્ટ રીતે જોવા મળે છે. એટલે સકળ તપાગચ્છીય દેવસૂર શ્રીસંઘમાં એક સાગરજી મહારાજના સમુદાય સિવાય તમામે આજ (૨૦૧૨) સુધીની ડહેલાના ઉપાશ્રયની ચાલી આવતી તિથિની શુદ્ધ પ્રણાલિકા પ્રમાણે, અન્ય પંચાંગના આધારે છઠ્ઠનો ક્ષય માની, પાંચમને સાચવી, ચોથની સંવત્સરી કરી હતી. અને એ પ્રણાલિકા પ્રમાણે જ આ વર્ષે પણ અન્ય પંચાંગના આધારે છઠ્ઠનો ક્ષય માની, પાંચમ સાચવી, ચોથ ગુરુવારે સંવત્સરી આરાધવી જ વ્યાજબી ગણાય."

કેટલાક લોકો શંકા કરતા હતા કે 'વડીલોએ આચરેલી પ્રણાલિકા સાચી જ હોય, એમ કેમ માની લેવાય?' આવી શંકાનો એમણે ઉપરની વાતમાં નિરાસ કર્યો, અને વડીલો અને એમની પ્રણાલિકાને સ્વચ્છ શ્રદ્ધાથી સ્વીકારવા પર ભાર મૂક્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦૦૪થી શરૂ થયેલા મતભેદનો નિર્દેશ કરતાં એમણે જણાવ્યું :

"૨૦૦૪માં આ પ્રસંગમાં કીર્તિસાગરસૂરિજી, પ્રતાપસૂરિજી, રામસૂરિજી તથા વિમળવાળા વગેરે અમુક વ્યક્તિઓ જુદા પડયા, કે જેઓએ અને જેઓના વડીલોએ ૧૯૯૨ સુધીમાં તો આ રીતે જ છઠ્ઠનો ક્ષય કરી ચોથની સંવત્સરી કરી હતી. પણ ડહેલાના તથા લવારની પોળ વગેરે ઉપાશ્રય તેમ જ ધર્મશાળા તથા આંબલી પોળના ઉપાશ્રય વગેરે સ્થળે પણ આ રીતે જ આરાધના થઈ હતી. માત્ર અમુક વર્ગ ડહેલાની પરંપરાના ધોરી માર્ગથી જુદો પડયો હતો."

સં. ૨૦૧૩માં હવે શું થશે, એનો ઉલ્લેખ કરતાં તેઓએ કહ્યું :

"અને આ વખતે–૨૦૧૩માં–ડહેલાના ઉપાશ્રય તથા લવારની પોળ વગેરે ઉપાશ્રય તેમ જ નીતિસૂરિજી મહારાજના અને વલ્લભસૂરિજીના સમુદાય જુદા પડવાનો વિચાર કરશે, એટલે બુધવારની સંવત્સરીનો વિચાર કરશે. પણ અમો તો, જે ચાલ્યો આવે છે, તે જ ધોરી માર્ગમાં છીએ અને જુદા પડયા નથી."

પોતાની માન્યતાને કેટલાક લોકો કદાગ્રહમાં ગણતા હતા. એમની એ માન્યતાને નિખાલસભાવે રદિયો આપતાં એમણે સ્પષ્ટતા કરી :

"આજ સુધીનો (૨૦૧૨ સુધીનો) તિથિ-પરંપરાનો ડહેલાના ઉપાશ્રયનો વર્ષોથી ચાલ્યો આવતો ધોરી માર્ગ વ્યાજબી નથી અને વ્યાજબી હતો નહિ, એ રીતે જો સંઘ ઠેરવશે અને સમજાવશે, તો અમારે કાંઈ આગ્રહ છે નહિ. જે વ્યાજબી હશે તે કરવાને અમો ખુશી છીએ. કોઈ રીતનો અમારો આગ્રહ સમજવો નહિ. કદાગ્રહ એ જ મિથ્યાત્વનું મૂળ છે અને સર્વ દુઃખનું કારણ છે, એમ અમો માનીએ છીએ. અમો તો ડહેલાના ઉપાશ્રયની આજ સુધીની તિથિની શુદ્ધ પરંપરાને શાસ્ત્રાનુસારી સાચી સમજીને જ આચરતા આવ્યા છીએ અને આચરીએ છીએ."

૨૦૧૩માં ચોથ–ગુરુવારની સંવત્સરી કરો, તો બેતિથિવાળાની સાથે થશે, ને તેથી તો એમના મતને ફાવતો વેગ મળશે તેનું શું ?—આ પ્રશ્નનો ઉત્તર સમજાવતાં એમણે કહ્યું :

"બીજા પક્ષ સાથે કે બીજા ગચ્છ સાથે અમો ભળી જઈએ છીએ, એવું પણ કશું નથી. જ્યારે બીજો પક્ષ ભાદરવા શુદિ પાંચમનો ક્ષય માનીને ચોથ ગુરુવારની સંવત્સરી આરાધે છે, ત્યારે અમો, ડહેલાની પરંપરા પ્રમાણે, અન્ય પંચાંગના આધારે, છઠ્ઠનો ક્ષય માનીને, પાંચમને સાચવીને ચોથ ગુરુવારે સંવત્સરી આરાધવાનો નિર્ણય રાખીએ છીએ. અને, એક દિવસે અનેક ગચ્છોની સંવત્સરી સાથે આવે છે, એથી કાંઈ એકબીજામાં ભળી જવાતું નથી."

પાંચમના ક્ષયે છઠ્ઠનો ક્ષય સ્વીકારવામાં બળ પૂરતો એક વિશિષ્ટ ફાયદો દર્શાવતાં એમણે કહ્યું :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જે વારની સંવત્સરી હોય તે વારનું બેસતું વર્ષ આવે છે, તે પણ અત્યાર સુધી પ્રાયઃ મળી રહે છે, એટલું જ નહિ, પણ કાલિકાચાર્ય મહારાજે ચોથની સંવત્સરી કરી ત્યારથી, જૈન પદ્ધતિના પંચાંગ પ્રમાણે, વારેવારની સંવત્સરી અને બેસતું વર્ષ અવશ્ય મળી રહે છે; કારણ, જૈન પદ્ધતિમાં તિથિની વૃદ્ધિ આવે નહિ અને ક્ષય ફક્ત સંવત્સરી પછીના સિત્તેર દિવસમાં એક જ આવે. કારણ, અષાઢ વદ એકમથી જૈન પંચાંગપદ્ધતિ પ્રમાણે યુગની અને વર્ષની શરૂઆત થાય, અને બે મહિને એક તિથિનો ક્ષય આવે. આ રીતે જૈન પંચાંગપદ્ધતિના પંચાંગ પ્રમાણે સંવત્સરીનો વાર જ આગામી બેસતા વર્ષે અવશ્ય મળી રહે. હાલ, જૈન પંચાંગ નહિ છતાં પણ, લૌકિક પંચાંગ પ્રમાણે પણ જ્યારે આગામી બેસતું વર્ષ અને સંવત્સરીનો એક જ વાર મળી રહે છે, તો એ દૃષ્ટિએ પણ ચોથ ને ગુરુવારની સંવત્સરી વ્યાજબી ગણાય."

કેટલાકની એવી શંકા હતી કે, 'ગુરુવારે સંવત્સરી કરવામાં પચાસને બદલે એકાવન દિવસ થઈ જાય છે.' આ વિષે વિશદ છણાવટ કરતાં તેઓએ કહ્યું :

"૫૦ દિવસ અને ૭૦ દિવસની ગણતરી વારેવારની ગણતરીએ નથી, પણ તિથિએ-તિથિની ગણતરીએ છે. તેમાં તિથિની વૃદ્ધિ હોય કે ક્ષય હોય તેથી વધારે કે ઓછો દિવસ ન ગણાય. અને એ રીતે તિથિની ગણતરીએ ૫૦, ૭૦ દિવસ મળી રહે. ગણતરી પણ ચોમાસી પ્રતિક્રમણ પછી જ પૂનમથી ચોથ સુધીના ૫૦ દિવસ અને સંવત્સરી પ્રતિ-ક્રમણ પછી પાંચમથી કાર્તિક શુદિ ૧૪ સુધીના ૭૦ દિવસ, આ રીતે જ હોય; તેમાં વારેવાર મેળવવાના હોય નહિ. પહેલાં ચોમાસી અષાડ શુદિ પૂનમની હતી. ત્યાર પછી પંદર દિવસ અષાડ વદના. શ્રાવણ માહનાના ત્રીસ દિવસ, અને ભાદરવા શુદિ પાંચમની સંવત્સરી, એટલે એ રીતે ૫૦ દિવસ થયા. અત્યારે પણ અષાડ શુદિ ૧૪ની ચોમાસી, ત્યાર પછી પૂનમનો એક દિવસ, અષાડ વદના પંદર, શ્રાવણ મહિનાના ત્રીસ અને ભાદ-રવા શુદિ ચોથની સંવત્સરી એટલે ચાર દિવસ તે; એટલે ૫૦ દિવસ મળી રહે. ચોથ ગુરુવારે હોય કે ચોથ બુધવારે હોય, પણ બંને પક્ષો ચોથની જ સંવત્સરી માને એટલે ૫૦ દિવસ તો બંનેને મળી જ રહે.

"વારેવારની ગણતરીએ ૫૦ દિવસ મેળવવા જઈએ તો અષાડ ચોમાસીનો અને સંવત્સરીનો એક વાર આવે તો જ ૫૦ દિવસ થાય. પણ એ રીત વ્યાજબી નથી. જે વર્ષમાં ભાદરવા શુદ પાંચમની વધઘટ પણ ન હોય અને અષાડ ચોમાસી ગુરુવારની હોય અને સંવત્સરી ભાદરવા શુદ ચોથ શુક્રવારની આવતી હોય, ત્યાં વારેવારની ગણતરીએ ૫૦ દિવસનો નિયમ સચવાશે નહિ; ૫૦ ને બદલે ૫૧ દિવસ થઈ જશે. અને આવી ખોટી મુશ્કેલી આવે તે, આગ્રહને કારણે, સમજાતી નથી. આવી મુશ્કેલીવાળા ૫૧

૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસના દાખલા પણ પંચાંગોમાં ભૂતકાળના મળી શકે અને ભવિષ્યમાં પણ મળશે. માટે વાસ્તવિક તો ચોમાસી પછી પૂનમથી ચોથ સુધી ૫૦ દિવસ ગણાય અને તે પણ તિથિની ગણતરીએ જ ગણાય.

"૫૦ દિવસ પણ જો ચોમાસી ચૌદશથી ગણીએ તો જૈન પદ્ધતિ પ્રમાણે સંવત્સરીના દિવસે ૫૦મો દિવસ આવે નહિ, પણ ૫૧મો આવે. જેમ અષાડ શુદિ પૂનમે ચોમાસીનો એક દિવસ, પછી અષાડ વદના પંદર, શ્રાવણના ત્રીસ અને ભાદરવા શુદિ પાંચમની સંવત્સરી એટલે પાંચ દિવસ તે; અને જૈન પદ્ધતિ પ્રમાણે અષાડ શુદિ પૂનમથી ભાદરવા શુદિ પાંચમ સુધીમાં એક પણ તિથિનો ક્ષય આવે જ નહિ, એટલે સંવત્સરી ૫૧મા દિવસે આવે, જે વ્યાજબી નથી. એટલે ચોમાસી પછીના દિવસથી જ ૫૦ની ગણતરી, અને સંવત્સરી પછીના દિવસથી જ ૭૦ દિવસની ગણતરી કરાય, અને તે પણ તિથિએ તિથિની જ ગણતરી કરાય.

"૨૦૦૪માં કેટલાકે પહેલાં સોમવાર જાહેર કરેલો અને પછીથી વ્યાજબી લાગતાં ચોથ ને મંગળવાર જાહેર કરેલો. તે વખતે મંગળવાર જાહેર કરવામાં 'અષાડ શુદિ ૧૪ ને મંગળવાર અને ભાદરવા શુદિ ચોથે મંગળવારે ૫૦ દિવસ થાય.' આવી ખોટી દલીલની સાથે મંગળવાર જાહેર કરેલો; તે વસ્તુને અત્યારે પણ કેટલાક આગ્રહથી પકડી રાખીને '૨૦૧૩ માં અષાડ શુદિ ૧૪ ને બુધવાર છે એટલે ૫૦મો દિવસ ચોથ ગુરુવારે ના આવે પણ ચોથ બુધવારે આવે, અને ચોથ ગુરુવારે ૫૧મો દિવસ થઈ જાય.'—આ રીતે કહે છે. પણ તે, પૂર્વની જેમ, ગેરસમજણની જે ખોડી પકડ, તે છૂટતી નથી એમ અમોને લાગે છે. કારણ, ઉપરોક્ત રીતે ચોમાસીનો ને સંવત્સરીનો એક વાર ગણી ૫૦ દિવસ મેળવવા તે વ્યાજબી નથી. તિથિ-ગણતરીએ જ ૫૦ દિવસ મેળવવા જોઈએ, અને તે ચોથ ગુરુવારે પણ મળી રહે."

ગોડીજીના આગેવાનોની ઊંડે ઊંડે ઇચ્છા એવી હતી કે 'આપ પણ સાગરજી મહારાજ વગેરેની જેમ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય માનો.' પણ એમને ત્રીજનો ક્ષય માનવો અરુચિકર હતો. ત્રીજનો ક્ષય કરવા પાછળ એક પણ શાસ્ત્રવચનનું બળ નથી; અને જે છે તે વિશ્વસનીય મનાય તેમ નથી, આવા પોતાના મંતવ્યને સમજાવતાં તેમણે કહ્યું :

"'શ્રીમાન્ કાલિકાચાર્યજીએ ચતુર્થીની સંવત્સરી કરી, તે પંચમીના રક્ષણાર્થે કરી છે. તેમ છતાં આ પ્રમાણે કરવાથી શુદ ચોથ ને શુદ પાંચમ બંનેને મૂકીને શુદિ ત્રીજે—અપર્વે પર્યુષણા કરવા જેવું થશે. શુદ ત્રીજનો ક્ષય કરવા ઇચ્છનારા શુદ પૂનમના ક્ષયે શુદ તેરશનો ક્ષય કરવાની રીતિનો દાખલો આપે છે. પરંતુ એને માટે ચોક્કસ શબ્દો શાસ્ત્રોક્ત છે કે શુદ પૂનમના ક્ષયે શુદ તેરશનો ક્ષય કરવો. પરંતુ ભાદ્રપદ શુદ પાંચમનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષય હોય તો શું કરવું ? એને માટે બિલકુલ શાસ્ત્રલેખ પૂર્વાચાર્યના ગ્રંથોમાં કે સેનપ્રશ્ન-હીરપ્રશ્નાદિ પ્રશ્નોત્તર ગ્રંથોમાં નથી. (સં. ૧૯૫૨ શ્રાવણ શુદિ પૂનમનું 'શ્રી જૈન ધર્મ પ્રકાશ', પુસ્તક ૧૨, અંક ૫)' તથા સાગરજી મહારાજ તરફથી ૨૦૦૧ માં છપાએલ 'પર્વતિથિ નિર્ણય' – પ્રસ્તાવના (પાનું પરમું)માં – 'વયોવૃદ્ધ, જ્ઞાની અને પ્રભાવશાલી પૂ. આ. વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે જે સંવત્ ૧૯૯૨માં આ માર્ગ લીધો હતો તે દેવસૂર જૈન તપાગચ્છના ધોરી માર્ગના રક્ષણ માટે લીધો હતો. તેમ જ સંવત ૧૯૮૯માં જે ટિપ્પણાની ભાદરવા શુદિ ચોથનું પરાવર્તન નહોતું કર્યું, તેમાં પોતાના વડીલોની આચરણાનો આધાર હતો.'

"વાસ્તવિકપણે તો વિ. સં. ૧૯૮૯ વગેરેમાં પણ ડહેલાના ઉપાશ્રયની તિથિની શુદ્ધ પરંપરાના આજ સુધીના દેવસૂર જૈન તપાગચ્છના ધોરી માર્ગના રક્ષણ માટે જ શુદિ છઠ્ઠનો ક્ષય કરી શુદિ ચોથનું પરાવર્તન કર્યું નહોતું. અને અમો પણ એ જ રીતે વડીલોની આચરણાના આધારે તે જ ધોરી માર્ગમાં રહ્યા છીએ.

"સંવત્સરી અને બેસતું વર્ષ જૈનોમાં એક જ વારનું હોય છે, આવી ઘણાં વર્ષોથી જૈનેતર વિદ્વાનોમાં પણ પ્રસિદ્ધિ છે. અને તે નિયમ પાંચમના ક્ષયે અન્ય પંચાંગના આધારે છઠ્ઠનો ક્ષય કરી પાંચમને સાચવી ચોથની સંવત્સરી આરાધવામાં અને પાંચમની વૃદ્ધિમાં બીજી ચોથની સંવત્સરી આરાધવામાં જ ઘણાં વર્ષો સુધીમાં પ્રાયઃ મળી રહે છે.

"અમારા ધ્યાનમાં છે ત્યાં સુધી મુંબઈ–ગોડીજીના ઉપાશ્રય વગેરે સ્થળે પણ ૧૯૯૨ સુધીમાં આ રીતે જ આરાધના થતી હતી. ૧૯૫૨, ૧૯૬૧ અને ૧૯૮૯માં પાંચમના ક્ષયે આ રીતે જ એટલે ચોથ ને ગુરુવાર પ્રમાણે જ આરાધના થયેલી છે. તેમ જ ૧૯૯૨–૯૩માં તથા તે પહેલાં પણ પ્રાયઃ વિ. સં. ૧૯૩૦–૩૧ના ચોપડાઓમાં પણ ભાદરવા શુદિ બે ચોથ કરેલી છે, પણ બે ત્રીજ કરેલી નથી, તે પણ જરૂર વિચારવાનું છે.

"પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાના જે પાઠો રજૂ કરાય છે, તે પાનાંઓ ૧૯૫૨માં આત્મારામજી મહારાજને, સાગરજી મહારાજને, મોહનલાલજી મહારાજને, પં. પ્રતાપ-વિજયજી ગણી મહારાજને, પં. ગંભીરવિજયજી મહારાજને વગેરેને કોઈ ને કોઈ પણ પુસ્તક-ભંડારમાંથી મળ્યા નહિ. તેમ જ ૧૯૬૧માં તથા ૧૯૮૯માં પણ તે પાનાં સાગરજી મહારાજને પણ મળ્યાં નહિ; પણ જ્યારે ૧૯૯૨માં ભાદરવા શુદિ બે પાંચમ આવી અને એક બીજો પક્ષ બે પાંચમ માનનાર તરીકે જાહેર થયો, ત્યારે જ આ પાનાં —જે ૧૯૫૨થી ૧૯૯૨ સુધીનાં વચલાં ચાલીશ વર્ષના ગાળામાં કોઈ ને ન મળ્યાં, ખુદ સાગરજી મહારાજને પણ ન લાધ્યાં, તે પાનાં—એકાએક ચાલીશ વર્ષે બહાર જાહેરમાં આવ્યાં, એ પણ એક વસ્તુ જરૂર વિચાર માગે છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'આપ ગુરુવારની સંવત્સરી કરશે તો સામા પક્ષને પ્રોત્સાહન અને સંઘના વિભાગને કાયમી રાખવામાં બળ મળશે.' એવી એક શંકાને અયોગ્ય ગણાવતાં એમણે કહેલું :

"અમો ચોથ બુધવાર કે ચોથ ગુરુવાર કરીએ, પણ એથી સંઘના બે વિભાગ, જે વર્ષોથી છે, તે તો કાયમ રહે જ છે. તે વિભાગ અમારા નિમિત્તે નથી. માટે ખરી રીતે તો ચોથ–બુધ કે ચોથ–ગુરુનો આગ્રહ રાખવા કરતાં આખો તપાગચ્છ સમાજ એક દિવસે સંવત્સરી આરાધે એવો પ્રયાસ સમાજના ડાહ્યા પુરુષોએ, મધ્યસ્થ દૃષ્ટિએ, કરવો જોઈએ; અને તે રીતે તપાગચ્છ સમુદાયમાં સંવત્સરીનો જે એક દિવસ નિર્ણીત થાય તે રીતે અમારે પણ કબૂલ છે. પણ કોઈ પણ એક પક્ષમાં રહેવું તે વ્યાજબી લાગતું નથી."

પોતે જાહેર કરેલી ગુરુવારની સંવત્સરી સામે થતાં અનિચ્છનીય વિરોધી પ્રચાર અંગે પોતાની વ્યથા ઠાલવતાં એમણે આ આગેવાનોને કહ્યું :

"ડહેલાના ઉપાશ્રયની આજ (૨૦૧૨) સુધીની તિથિની પરંપરા અને પ્રણાલિકા પ્રમાણે, અમારા પૂજ્ય વડીલોની આચરણાના આધારે, અમોએ ચોથ ગુરુવારનો નિર્ણય રાખ્યો છે. સંવત્સરીને હજુ દસ મહિના બાકી હતા, તેમાં તો બુધવાર પક્ષ તરફથી કેટલાંક વિરુદ્ધ લખાણો બહાર પડ્યાં, જે કેવળ કદાગ્રહ અને કષાયમય, અનિચ્છનીય અને ગેરવ્યાજબી વિચારથી જ ભરેલા છે. આ રીતે કાંઈ બુધવારની સંવત્સરીની પ્રમાણિકતા અને આરાધના ના કહેવાય. આ તો કષાય વધારવાનાં કારણો થાય છે."

'ડહેલાના ઉપાશ્રયનો મુનિસમુદાય જે કરે, તે ડહેલાની પ્રણાલિકા ગણાય, માટે આપે પણ ગુરુવારની સંવત્સરી ન કરતાં બુધવાર કરવો ઉચિત છે.'–આવી રજૂઆતના ઉત્તરમાં ડહેલાના ઉપાશ્રયની પ્રણાલિકા સ્પષ્ટ કરતાં એમણે સમજાવ્યું :

"ડહેલાના ઉપાશ્રયનું બંધારણ, જે બદામી સુરચંદભાઈ તથા સોલિસીટર ચીનુભાઈએ તૈયાર કર્યું છે અને નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટે મંજૂર કર્યું છે અને જે સં. ૨૦૧૨માં –સને ૧૯૫૬માં–ડહેલાના ઉપાશ્રય તરફથી છપાયું છે, તેમાં પૃષ્ઠ બીજા ઉપર કલમ નં. ૩ વ્યાખ્યામાં આ પ્રમાણે છે : 'પ્રણાલિકા એટલે શ્રી ડહેલાના ઉપાશ્રયની સ્થાપનાથી આજ સુધી ચાલી આવતી પ્રણાલિકા.' ડહેલાના ઉપાશ્રયની અનેક પ્રણાલિકા પૈકી જે સંવત્સરી અને તિથિની પ્રણાલિકા, તે પ્રમાણે જ તિથિની આરાધના કાયમથી તપાગચ્છ શ્રીસંઘ કરે છે."

પ્રણાલિકાની આ વ્યાખ્યાનુસાર એ પ્રણાલિકાને અસંગત હોય એ રીતે કોણે કોણે ક્યારે આચરણા કરી, તે જણાવતાં તેઓશ્રીએ કહ્યું :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આ પ્રણાલિકાથી ૧૯૫૨માં સાગરજી મહારાજ જુદા પડ્યા. ત્યાર પછી ૧૯૯૨ અને ૯૩માં આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી વગેરે સમુદાય ડહેલાની તિથિપ્રણાલિકાથી જુદા પડ્યા. બાકી સર્વ તપાગચ્છ સમુદાયે તે પ્રણાલિકા પ્રમાણે જ આરાધન કર્યું. ૨૦૦૪માં અમુક સમુદાય તે પ્રણાલિકાથી જુદો પડ્યા. પણ આચાર્ય શ્રી વિજયનીતિ-સૂરિજી મહારાજનો સમુદાય, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજનો સમુદાય તથા અમો વગેરેએ તે પ્રણાલિકા પ્રમાણે જ આરાધન કર્યું. હવે આ ૨૦૧૩માં ઉપ-રોક્ત બંને સમુદાય તે ડહેલાની પ્રણાલિકાથી જુદા પડવાનો વિચાર રાખે છે. પણ અમો તો તે જ કાયમની પરાપૂર્વથી ચાલી આવતી ડેલાની શુદ્ધ પરંપરા પ્રમાણે જ આરા-ધનાનો વિચાર રાખ્યો છે."

શુદ્ધ પ્રણાલિકાને વળગી રહેવાની અને પોતાની તટસ્થતાને જાળવીને તથા ક્લેશથી પર રહીને આરાધના કરવાની પોતાની મનઃસ્થિતિ આ રીતે એ આગેવાનોને સમજા-વીને છેવટે, પોતાનાં આટલાં સ્પષ્ટ મક્કમ ને નિષ્પક્ષપાતી વિચારો ને માન્યતા હોવા છતાં, શ્રીસંઘ જે નિર્ણય કરે તેમાં પોતાની મંજૂરી આપતાં પૂજ્યશ્રીએ કહ્યું :

"છતાં, તપાગચ્છ દેવસૂર સંઘમાં કોઈ પણ સર્વાનુમત એક નિર્ણય થશે તો તે રીતે જ આરાધના કરવામાં અમો પણ સંપૂર્ણ સંમત છીએ."

આ સાંભળીને દેવસૂર સંઘના આગેવાનોએ વિનતિ કરી : "સાહેબ ! આખા એકતિથિપક્ષની એક જ સંવત્સરી થાય, એ માટે આપ બુધવારની સંવત્સરી કરવાનો નિર્ણય આપો. સંઘની એકતા ખાતર આપ બુધવાર સ્વીકારશો."

સંઘના અને સમાજના શાણા માણસોમાં કહેવાતું કે આચાર્ય વિજયનંદનસૂરિજી મહારાજ પાસે સરળ અને સાચી ભાવનાથી કોઈ માણસ વાત કે વિનતિ રજૂ કરે, તો એ અવશ્ય સફળ થઈને જ આવે. દેવસૂર સંઘના ભાઈઓ એકતાની સાચી ભાવનાથી આવેલા. શ્રી વિજયનંદનસૂરિજી પોતે પણ એકતા અને સંપ માટે દિવસોથી ઝંખતા હતા. અને અત્યારે એ એકતા માટે સંઘસમસ્ત એમના તરફ મીટ માંડીને બેઠો હતો. આ પરિસ્થિતિમાં એમણે ઝડપી અને મહત્ત્વનો નિર્ણય આપવો અનિવાર્ય હતો.

પણ આમ કરવા જતાં, સૂરિસમ્રાટે ૨૦૦૪ સુધી જે શુદ્ધ પ્રણાલિકા આચરેલી, તેનો ત્યાગ કરીને બુધવાર આચરવાનો હતો. પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને તથા શ્રીસંઘની એકતાના મહાન લાભને નજર સામે રાખીને એમણે પોતાના ગુરુમહારાજ આચાર્ય શ્રી વિજયોદયસૂરિજી મહારાજ સાથે પૂરો વિચાર-વિનિમય કરીને દેવસૂર સંઘના આગેવાનોને નિર્ણય આપતાં જણાવ્યું કે :

"આ બાબતમાં અમારે અમારા સમુદાયની સંમતિ લેવી જરૂરી છે. આમ છતાં શ્રીસંઘના લાભાલાભનો વિચાર કરતાં અમે પણ બુધવારની સંવત્સરી સ્વીકારીએ છીએ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી દેવસૂર સંઘના આગેવાનો જ નહિ, પણ આ સાંભળીને હિન્દુસ્તાનનો સમસ્ત જૈન સંઘ આનંદમાં આવી ગયો. શ્રી વિજયનંદનસૂરિજીના દીર્ઘદષ્ટિભર્યા આ નિર્ણયની સર્વત્ર માનભરી પ્રશસ્તિઓ ગવાઈ.

પણ, એ બધામાં એમને રસ ન હતો. એમને રસ હતો શ્રીસંઘની એકતામાં. નિર્ણયની સાથે જ તેમણે કહ્યું કે "એટલું ધ્યાનમાં રાખજો કે, બુધવારમાં પણ ત્રણ મત છે: એક વ્યક્તિ ચોથનો ક્ષય કહે છે; બીજા ત્રીજનો ક્ષય કહે છે; ત્રીજા વળી દ્વિધામાં છે: આ ત્રણેનોય ઝઘડો જબરો છે. આ ત્રણમાંથી કયા મતને અનુસારે બુધવાર કરવાનો છે, તે નક્કી કરવું જોઈએ. આપણામાં પહેલાં સાગરજી મહારાજનો સમુદાય, નીતિસૂરિજી મહારાજનો સમુદાય, ડહેલાનો સમુદાય, વલ્લભસૂરિજી મહારાજનો સમુદાય વગેરેને તમારે પૂછી લેવું જોઈએ કે બુધ અને ગુરુનો આગ્રહ રાખ્યા સિવાય આપણે તપાગચ્છીય દેવસૂર સંઘની એકતાનો વિચાર કરવો છે? અને તેને માટે શો રસ્તો લેવો છે? ત્યાર પછી સિદ્ધિસૂરિજી મહારાજ, લબ્ધિસૂરિજી મહારાજ, પ્રેમસૂરિજી મહારાજ વગેરેને પણ તમારે પૂછી લેવું જોઈએ કે એકતાનો વિચાર કરવો છે કે કેમ? અને બધાનો એક વિચાર થાય તે માર્ગ આપણે લેવો; અને એમ ન થઈ શકે તો પછી એક પક્ષની એકતાનો વિચાર કરવો, એ માર્ગ વ્યાજબી લાગે છે. બુધવાર વર્ગમાં પણ વિચારભેદ ન રહેવો જોઈએ; તેની એકતા કાયમને માટે થવી જોઈએ."

આ બધી વિચારણાઓ–વાતો કરીને એમણે શ્રીસંઘની વિનતિ અનુસાર બુધવાર અંગેનો નિર્ણય લખીને શ્રી દેવસૂર સંઘને સુપ્રત કર્યો.

આ પછી સંઘની એકતા ખાતર લીધેલા આ નિર્ણયમાં શ્રી વિજયસુદર્શનસૂરિજી મહારાજ, શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મહારાજ, શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજ, શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજ વગેરે ગુરુભાઈઓની સંમતિઓ મેળવી લીધી, અને એ રીતે આખા સમુદાયમાં એકવાક્યતા જાળવી.

આ પછી, ૨૦૧૩ના એ વર્ષે સમગ્ર એકતિથિપક્ષના શ્રીસંઘે ભાદરવા શુદિ ચોથ ને બુધવારે મહાન ઉલ્લાસ સાથે સંવત્સરી મહાપર્વની આરાધના કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org